**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા**
**કચ્છ યુનિવર્સિટી**

**મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.** **ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧**
**ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧**

**ઈમેઈલ-info@kskvkachchhuniversity.org** **વેબ-kskvkachchhuniversity.org**

ક.યુ./એ.સી./મીટીગ/મીનીટસ/૨૫મી સપ્ટે–૨૦૧૭/૧૫૧૨ તા.૧૬/૧૦/૨૦૧૭

પ્રતિ,
એકેડેમિક કાઉન્સીલના તમામ સભ્યશ્રી,
કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય :** **ગત તા.૨૫/૦૯/૨૦૧૭ ના રોજની એકેડેમિક કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૨૫/૦૯/૨૦૧૭ ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકેડેમિક કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ–કચ્છ**

બિડાણઃ– એકેડેમિક કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા. ૨૫મી સપ્ટેમ્બર–૨૦૧૭ને સોમવારના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

તા. ૨૫મી સપ્ટેમ્બર– ૨૦૧૭ને સોમવારના રોજ બપોરે ૪:૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકેડેમિક કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર સાથે જ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | ડો.શ્રી.સી.બી.જાડેજા | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨ | ડો.ડી.એમ.બકરાણીયા | સભ્યશ્રી | હાજર |
| ૩ | ડો.ગીરીન બક્ષી | સભ્યશ્રી | હાજર |
| ૪ | ડો.પી.એસ.હિરાણી | સભ્યશ્રી | હાજર |
| ૫ | ડો.ડી.સી.ધોળકીયા | સભ્યશ્રી | હાજર |
| ૬ | ડો કે.પી. મહેતા | સભ્યશ્રી | હાજર |
| ૭ | ડો.કે.એમ.ત્રિવેદી | સભ્યશ્રી | હાજર |
| ૮ | ડો.કલ્પના સતીજા | સભ્યશ્રી | હાજર |
| ૯ | ડો.એમ.જી.ઠકકર | સભ્યશ્રી | હાજર |
| ૧૦ | શ્રી.સી.પી.પટેલ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૧ | શ્રી.ડી.ડી.છાંગા | સભ્યશ્રી | હાજર |
| ૧૨ | શ્રીમતિ જાગૃતિ પંડયા | સભ્યશ્રી | હાજર |
| ૧૩ | ડો.ભાવેશ જેઠવા | સભ્યશ્રી | હાજર |
| ૧૪ | ડો.વિજય વ્યાસ | સભ્યશ્રી | હાજર |
| ૧૫ | ડો.મૃગેશ ત્રિવેદી | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૬ | ડો.એલ.વી.ફફલ | સભ્યશ્રી | હાજર |
| ૧૭ | ડો.કે.એમ.પંડયા | સભ્યશ્રી | હાજર |
| ૧૮ | ડો.ગુરૂદાસ ખિલનાની | સભ્યશ્રી | હાજર |
| ૧૯ | ડો.એસ.જી.ધર્માણી | સભ્યશ્રી | હાજર |
| ૨૦ | ડો.મનીષ પંડયા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૨૧ | ડો.જે.એચ.ટાપરીયા | સભ્યશ્રી | હાજર |
| ૨૨ | ડો.બાબુભાઇ કાઠીયા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૨૩ | ડો.કલ્પેશ સોરઠીયા | સભ્યશ્રી | હાજર |
| ૨૪ | ડો.શિતલ બાટી | સભ્યશ્રી | હાજર |
| ૨૫ | શ્રી પંકજ ઉદેશી | સભ્યશ્રી | ગેરહાજર |
| ૨૫ | ડો.ડી.એમ.બકરાણીયા, કુલસચિવશ્રી, | સેક્રેટરીશ્રી | હાજર |

૧. તા. ૦૩ ફેબ્રુઆરી–૨૦૧૭ ની મિનિટસનું વાંચન અને બહાલી બાબત.
(નોંધઃ– ગત તારીખ ૦૩ ફેબ્રુઆરી–૨૦૧૭ રોજની સભાની મિનિટસ નોંધ સૌ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે જેનું વાંચન તા.૦૯/૦૨/૨૦૧૭ એકિઝકયુટીવ કાઉન્સીલની બેઠકમાં ઠરાવ–૩ થી બહાલ થયેલ છે તેની બહાલી બાબત.)(પરિશિષ્ટ–૧)

**ઠરાવ નં–૧. ગત તારીખ ૩જી ફેબ્રુઆરી–૨૦૧૭ રોજની સભાની મિનિટસ ના વાંચન બાદ આ મિનીટસને સર્વાનુમતે બહાલ રાખવામાં આવી.**

૨. કચ્છ યુનિવર્સિટી અંતગર્ત જુદા–જુદા સર્ટીફિકેટ અભ્યાસક્રમો બાબત. (પરિશિષ્ટ–૨)

**ઠરાવ નં–૨. કચ્છ યુનિવર્સિટીના પરિશિષ્ટ–૨ મુજબના જુદા–જુદા સર્ટીફિકેટ અભ્યાસક્રમો પૈકી ફેશન ટેકનોલોજી ના અભ્યાસક્રમની ફિમાં સુધારા સાથે સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૩. કચ્છ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી અંતગર્ત બી.કોમ.–ઓનર્સ ના નવા અભ્યાસક્રમ મંજુર કરવા બાબત.(પરિશિષ્ટ–૩)

**ઠરાવ નં–૩. કચ્છ યુનિવર્સિટીના પરિશિષ્ટ–૩ મુજબના બી.કોમ. ઓનર્સ અભ્યાસક્રમ સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું/**

૪. કચ્છ યુનિવર્સિટીની કોમર્સ અંતગર્ત બી.કોમ.–બેન્કિગ અને ફાઇનાન્સના નવા અભ્યાસક્રમ મંજુર કરવા બાબત. (પરિશિષ્ટ–૪)

**ઠરાવ નં–૪. કચ્છ યુનિવર્સિટીના કોમર્સ અંતગર્ત પરિશિષ્ટ–૪ મુજબના બી.કોમ.–બેન્કિગ અને ફાઇનાન્સના તરીકે મુદ્દામાં ઉલ્લેખાયેલ 'અભ્યાસક્રમ' ને બદલે 'વિષય' તરીકે સુધારા સાથે તે વિષયના અભ્યાસક્રમને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૫. કચ્છ યુનિવર્સિટીની મેડીકલ ફેકલ્ટી અંતગર્ત DMLT ના નવા અભ્યાસક્રમ મંજુર કરવા બાબત. (પરિશિષ્ટ–૫)

**ઠરાવ નં–૫. કચ્છ યુનિવર્સિટીની મેડીકલ ફેકલ્ટી અંતગર્ત પરિશિષ્ટ–૫ મુજબના DMLT ના નવા અભ્યાસક્રમને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૬. કચ્છ યુનિવર્સિટીની એજ્યુકેશન ફેકલ્ટી અંતગર્ત એમ.એડ. સુધારેલ અભ્યાસક્રમ બાબત. (પરિશિષ્ટ–૬)
–ડેર્ઝટેશન અને વાઇવાના માર્કસ નકિક કરવા બાબત.
–એમ.એડ. સેમે–૪ P-1 CALCULATION બાબત.

**ઠરાવ નં–૬. કચ્છ યુનિવર્સિટીની એજ્યુકેશન ફેકલ્ટી અંતગર્ત પરિશિષ્ટ–૬ મુજબના એમ.એડ્. ના સુધારેલ અભ્યાસક્રમને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૭. કચ્છ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી અંતગર્ત બી.કોમ.–પ્રોફેશનલ અભ્યાસક્રમ નું નામ બદલવા બાબત. (પરિશિષ્ટ–૭)

**ઠરાવ નં–૭. કચ્છ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી અંતગર્ત પરિશિષ્ટ–૭ મુજબના બી.કોમ.–પ્રોફેશનલ અભ્યાસક્રમ નું નામ બદલી 'બી.કોમ. ઓનર્સ' અભ્યાસક્રમ નામાભિધાન સાથે બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. કચ્છ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં એમ.બી.એ. અભ્યાસક્રમ પૂર્ણ થયે એમ.બી.એ.ની ડીગ્રી સર્ટીફિકેટમાં જે–તે વિષયના સ્પેલાઇઝેશન દર્શાવવા બાબત. (દા.ત. એચ.આર., ફાઇનાન્સ વગેરે)

**ઠરાવ નં–૮. કચ્છ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં એમ.બી.એ. અભ્યાસક્રમ પૂર્ણ થયે વિદ્યાર્થીઓને એમ.બી.એ.ની ડીગ્રી સાથે સ્પેલાઝેશન વિષયનો જુદા–જુદા કાર્યક્ષેત્રોમાં ઉલ્લેખ કરવાનો થતો હોઇ હાલમાં ડીગ્રીમાં આ સ્પેલાઇઝેશન વિષય દર્શાવવામાં ન આવતાં વિદ્યાર્થીઓને મુશ્કેલીઓ અનુભવાતી હોવાથી**

**અભ્યાસક્રમ પૂર્ણ થયે ડીગ્રી સર્ટીફિકેટમાં જે–તે વિષયના સ્પેલાઇઝેશન દર્શાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. કચ્છ યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીને સેમે–૧,સેમે–૩ કે સેમે–૫ અને ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમમાં સેમે–૭ અને સેમે–૯માં પ્રવેશ આપવા અને ક્રેડીટ નકિક કરવાના ધોરણો ઘડવા બાબત. (એકેડેમિક કાઉન્સીલની તા. ૩જી ફેબ્રુઆરી ૨૦૧૭ની સભાના મુદા નં.૯(૩) બીજી યુનિવર્સિટી/સેમેસ્ટર/ડિપ્લોમાં તથા અલગ પેટર્નમાંથી આવતાં વિદ્યાર્થીઓનાં પરિણામ બાબતે કોમન નિર્ણય લેવા અર્થે. (૧.ડિપ્લોમા ટુ ડિગ્રી ૨. વાર્ષિક પધ્ધતિ માથી સેમેસ્ટર પધ્ધતિ ૩.જુના સેમેસ્ટર માથી નવા સેમેસ્ટરમાં એડમિશન અંગે થયેલ ઠરાવ નં.–૧૧. અન્ય યુનિવર્સિટી/ સેમેસ્ટર પધ્ધતિમાં ફેરફાર કે ડીપ્લોમાંથી ડીગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના પરીણામ જાહેર કરવા સંદર્ભે આગળની પરીક્ષામાં મેળવેલ માર્કસ/ગ્રેડને નવી પધ્ધતિમાં હોય તે મુજબના ગુણમાં તબદીલ કરી માર્કસીટ આખરી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.)

**ઠરાવ નં–૯. કચ્છ યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટી કે બોર્ડના વિદ્યાર્થી પ્રવેશ માટે ઇચ્છુક વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતે દરેક વિદ્યાર્થીના વ્યક્તિગત કિસ્સામાં સબંધિત ફેકલ્ટીના ડીનશ્રીની ભલામણને અંતે પ્રવેશ આપવાનો નિર્ણય કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. કચ્છ યુનિવર્સિટીની મેડીકલ ફેકલ્ટી અંતગર્ત બી.એસ.સી.–નર્સિંગના સેમે–૩ના નવા અભ્યાસક્રમ બાબત.(પરિશિષ્ટ–૮)

**ઠરાવ નં–૧૦.કચ્છ યુનિવર્સિટીની મેડીકલ ફેકલ્ટી અંતગર્ત પરિશિષ્ટ–૮ મુજબના બી.એસ.સી.–નર્સિંગના સેમે–૩ના નવા અભ્યાસક્રમને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૧૧. કચ્છ યુનિવર્સિટી ગુજરાતી, સંસ્કૃત, અંગ્રજી, અર્થશાસ્ત્ર, કોમર્સ, એજયુકેશન વિષયના એમ.ફિલ.ના સેમેસ્ટર પધ્ધતિ મુજબના અભ્યાસક્રમ બાબત.(પરિશિષ્ટ–૯)

**ઠરાવ નં–૧૧.કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી, સંસ્કૃત, અંગ્રજી, અર્થશાસ્ત્ર, કોમર્સ, એજયુકેશન વિષયના પરિશિષ્ટ–૯ મુજબના એમ.ફિલ.ના સેમેસ્ટર પધ્ધતિ મુજબના અભ્યાસક્રમોને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૧૨. કચ્છ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં એમ.એસ.સી.–એનાલીટીકલ કેમેસ્ટ્રીના નવા અભ્યાસક્રમ બાબત.(પરિશિષ્ટ–૧૦)

**ઠરાવ નં–૧૨.કચ્છ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં એમ.એસ.સી.–એનાલીટીકલ કેમેસ્ટ્રીના પરિશિષ્ટ–૧૦ મુજબના નવા અભ્યાસક્રમને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૧૩. કચ્છ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી અંતગર્ત બી.સી.એ. અભ્યાસક્રમમાં સુધારા બાબત.(પરિશિષ્ટ–૧૧)

**ઠરાવ નં–૧૩.કચ્છ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી અંતગર્ત બી.સી.એ. અભ્યાસક્રમમાં પરિશિષ્ટ–૧૧ મુજબના સુધારા સાથે અભ્યાસક્રમને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૧૪. નવી કોલેજના જોડાણ અંગે.(૧) ધી ઇન્ડીયન પ્લેનેટરી સોસાયટી–બી.એસ.સી. અભ્યાસક્રમ (૨) આશાપુરા ફાઉન્ડેશન પરફોર્મિંગ આર્ટસ કોલેજના અભ્યાસક્રમ અંગે.

**ઠરાવ નં–૧૪. કચ્છ યુનિવર્સિટી સાથે નવી કોલેજો (૧) ધી ઇન્ડીયન પ્લેનેટરી સોસાયટી–બી.એસ.સી. અભ્યાસક્રમ (૨) આશાપુરા ફાઉન્ડેશન પરફોર્મિંગ આર્ટસ કોલેજના નવા અભ્યાસક્રમને શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૧૫. કોલેજોને અધ્યાપક સહાયકની જગ્યા ભરવા સૈધ્ધાંતિક મંજુરી અંગેની શરતોમાં ક્રમ નં.–૧માં ફેરફાર બાબત. (પરિશિષ્ટ–૧૨)

**ઠરાવ નં–૧૫. કચ્છ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોને અધ્યાપક સહાયકની જગ્યા ભરવા સામેલ પરિશિષ્ટ–૧૨ મુજબની સૈધ્ધાંતિક મંજુરી અંગેની દર્શાવેલ રૂા.૭૫૦૦/– ના સ્થાને સરકારશ્રીના વખતોવખતના નિર્ધારીત થતાં ફિક્સ પગાર ની બાબતે ફેરફારને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૧૬. પીએચ.ડી. વિભાગના ફાઇલ પરના તા.૨૩/૦૬/૨૦૧૭ ના રોજ નોંધ પારા પર મળેલ માન.કુલપતિશ્રીની મંજુરી અન્વયે હાથ ધરેલ એમ.ફિલ. એન્ટ્રેસ પ્રવેશ કાર્યવાહીને બહાલ રાખવા અંગે.

**ઠરાવ નં–૧૬.પીએચ.ડી. વિભાગના ફાઇલ પરના તા.૨૩/૦૬/૨૦૧૭ ના રોજ નોંધ પારા પર મળેલ માન.કુલપતિશ્રીની મંજુરી અન્વયે હાથ ધરેલ એમ.ફિલ. એન્ટ્રેસ પ્રવેશ કાર્યવાહીને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૧૭. પીએચ.ડી. પ્રવેશ બાબત.

**ઠરાવ નં–૧૭.પીએચ.ડી. પ્રવેશ અન્વયે વર્તમાન યુ.જી.સી. દ્વારા સુચવવામાં આવેલ મંતવ્ય મુજબ લાયકાત ધરાવતાં ઉમેદવારોને પીએચ.ડી.માં પ્રવેશ આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે....

૧૮. એલ.એલ.બી. અભ્યાસક્રમ સુધારા બાબત.

**ઠરાવ નં–૧૮.રજુ થયેલ એલ.એલ.બી.ના સેમે–૩ના સુધારા અભ્યાસક્રમને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૯. એમ.એ. સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના નવા અભ્યાસક્રમ બાબત.

**ઠરાવ નં–૧૯.રજુ થયેલ એમ.એ.સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના નવા અમલિકૃત અભ્યાસક્રમમાં સુચવેલ સુધારાને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૦. બી.એડ.ના નવા અભ્યાસક્રમમાં સુધારા બાબત.

**ઠરાવ નં–૨૦.રજુ થયેલ બી.એડ.ના નવા અભ્યાસક્રમમાં સુચવેલ સુધારાને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૧. બી.વોક. અભ્યાસક્રમના પ્રમાણપત્ર બાબત.

**ઠરાવ નં–૨૧.બી.વોક.ના અભ્યાસક્રમ અંતગર્ત વિદ્યાર્થીને પ્રથમ વર્ષ બાદ સર્ટીફિકેટ, બીજા વર્ષ બાદ ડીપ્લોમા, ત્રીજા વર્ષ બાદ ડીગ્રી એમ કોઇપણ એક પ્રમાણપત્ર આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૨. કો–ઓપ્ટ સભ્યશ્રી તરીકે સમાવવા બાબત.

**ઠરાવ નં–૨૨.એકેડેમિક કાઉન્સીલમાં એકટની કલમ–૨૧(૩) તથા સ્ટેચ્યુટ–૩૮ મુજબ બે વ્યકિતઓની એકેડેમિક કાઉન્સીલના સભ્યો દ્વારા કો–ઓપ્ટ સભ્યો તરીકે ડો.પંકજ ઠાકર અને ડો.સુભાષ ભંડારી ને નિમણુંક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે આ સભા પૂર્ણ જાહેરકરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ**

તા.૨૧/૧૧/૨૦૧૭

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.